# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 20-03-2025** **Evening : 7.10 to 7.20**

**Day : Thursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રૂપલ જાની** વાંચે છે.

---

1) વિધાનસભામાં વન-પર્યાવરણ પ્રવાસન-યાત્રાધામ અને રમતગમત વિભાગની માંગણીઓ પસાર.

2) કૃષિ વૈવિધ્યકરણ યોજના હેઠળ અત્યાર સુધીમાં 14 લાખ કરતા વધુ આદિજાતિ ખેડૂતોને લાભ અપાયો

3) રાજ્યમાં 34 નવાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર બનાવવા વહીવટી મંજૂરી અપાઈ.

4) ખેડૂતોના હિતમાં ઘઉંની ટેકાના ભાવે ખરીદી માટે નોંધણીની સમયમર્યાદા લંબાવાઈ

5) ધોલેરાના બાવળીયાળીમાં ગોપાલક સમાજની 75 હજારથી વધુ મહિલાઓએ હુડા રાસ રજૂ કરી વિશ્વ રેકોર્ડ સર્જ્યો

6) વિશ્વ ચકલી દિવસ નિમિત્તે રાજ્યમાં સેવાભાવી સંસ્થાઓ દ્વારા લોક જાગૃતિના કાર્યક્રમો યોજાયા.

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# VIDHANSABHA FOREST DEMANDS

પ્રકૃતિના વિકાસ અને સંવર્ધન માટેની વન અને પર્યાવરણ વિભાગની માંગણીઓ આજે વિધાનસભા ગૃહમાં પસાર કરાઇ.વન અને પર્યાવરણ મંત્રી મૂળુભાઈ બેરાએ જણાવ્યું કે વન બહારના વિસ્તારોમાં એક હજાર 143 ચોરસ કિલોમીટરના વન આવરણ વધારા સાથે ગુજરાત દેશમાં પ્રથમ સ્થાને છે. એક રિપોર્ટ...

(વોઈસ કાસ્ટ – કરન પરમાર)

*વિધાનસભામાં વન અને પર્યાવરણ વિભાગની માંગણીઓ પરની ચર્ચા દરમિયાન શ્રી બેરાએ જણાવ્યું કે વન અને વન્યજીવના સંરક્ષણ માટે આ વર્ષે વન વિભાગના બજેટમાં 20 ટકાનો વધારો કરાયો છે. જેમાં પ્રોજેક્ટ લાયન માટે 415 કરોડ રૂપિયાની જોગવાઇ કરાઇ છે. વનોનું સંવર્ધન અને સંરક્ષણ કરવા વન વિસ્તારમાં 49 હજાર હેકટર અને વન બહારના વિસ્તારમાં 39 હજાર હેકટરમાં વાવેતર કરવાનું આયોજન છે. તેમણે જણાવ્યું કે વન અને વન્યપ્રાણીઓનું રક્ષણ કરવાની સાથે સ્થાનિક લોકોને રોજગારી માટે 6 કરોડ 20 લાખ રૂપિયાની જોગવાઇ કરાઇ છે.*

*કરન પરમાર, આકાશવાણી સમાચાર, અમદાવાદ*

. . . . . . . . . . . . .

# HARSH SANGHVI

રમતગમત મંત્રી હર્ષ સંઘવી એ જણાવ્યું કે ગુજરાત સૌથી વધુ રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય રમતો આયોજીત કરનાર રાજ્ય છે. વિધાનસભામાં  રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગની માંગણીઓ પરની ચર્ચા દરમિયાન શ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું કે બે વર્ષમાં ગુજરાતે રાષ્ટ્રીય કક્ષાએ 808 અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ 104 મેડલ હાંસલ કર્યા છે. તેમણે જણાવ્યું કે રાજ્યમાં 'સ્પોર્ટ્સ એ જ પ્રોફેશન'નો કોન્સેપ્ટ વિકસી રહ્યો છે. સ્પોર્ટ્સ ઇન્ફ્રાસ્ટ્રક્ચર અંગે તેમણે કહ્યુ કે,  હાલમાં 23 જિલ્લા રમત સંકુલ તથા 5 તાલુકા રમત સંકુલ કાર્યરત છે તેમજ 370 કરોડ રૂપિયાના ખર્ચે 13 જિલ્લા રમત સંકુલ તથા 19 તાલુકા રમત સંકુલના નિર્માણનું કાર્ય પ્રગતિમાં છે.

. . . . . . . . . . . . .

# VIDHANSABHA

વિધાનસભા ગૃહમાં કૃષિ વૈવિધ્યકરણ યોજના વિશે વિગતો આપતા આદિજાતિ વિકાસ મંત્રી કુંવરજી હળપતિએ જણાવ્યું, અત્યાર સુધીમાં કુલ 381 કરોડથી વધુના ખર્ચે 14 લાખ 4 હજાર 628 જેટલા આદિજાતિ ખેડુતોને લાભ અપાયો છે.

દરમિયાન લધુ અને મધ્યમ ઉદ્યોગ રાજ્ય મંત્રી જગદીશ વિશ્વકર્માએ જણાવ્યું, વિશ્વકર્મા યોજના અંતર્ગત રાજ્યના 37 હજાર 785 લાભાર્થીઓને 341 કરોડ રૂપિયાની લોન મંજુર કરાઇ છે. જેમાં 25 હજાર 762 લાભાર્થીને 225 ૨૨૫ કરોડ રૂપિયાની સહાયનું વિતરણ કરાયું છે.

વિધાનસભામાં વિશ્વકર્મા યોજનાના બિનસરકારી સંકલ્પનો સ્વીકાર કરાયો હતો. દરમિયાન એક પ્રશ્નના જવાબમાં શિક્ષણ મંત્રી કુબેર ડિંડોરે ગૃહમાં જણાવ્યું કે, વર્ષ 2022માં ૫,૬૫૨ શિક્ષણ સહાયકોની ભરતી પૂર્ણ: સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ૨,૮૦૮ શિક્ષણ સહાયકોની ભરતી પ્રક્રિયા હાલ ચાલી રહી છે

. . . . . . . . . . . . .

# PHC

આરોગ્યમંત્રી શ્રી ઋષિકેશ પટેલે રાજ્યમાં 34 નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોને વહીવટી મંજૂરી આપી છે. શ્રી પટેલે જણાવ્યું કે રાજ્યની ગ્રામ્ય આરોગ્ય સેવાઓને વધુ સુદ્રઢ અને લોકઉપયોગી બનાવવા આ કેન્દ્રો મહત્વના બની રહેશે. કેન્દ્ર સરકારના માપદંડો પ્રમાણે હાલ રાજ્યમાં

કુલ એક હજાર 499 પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો પુરતા પ્રમાણમાં મંજુર અને કાર્યરત છે.

. . . . . . . . . . . . . .

# WHEAT

ખેડૂતોના વ્યાપક હિતમાં ઘઉંની ટેકાના ભાવે ખરીદી માટે નોંધણીની સમયમર્યાદા લંબાવાઈ છે. ખેડૂતો ટેકાના ભાવે ઘઉંના વેચાણ માટે આગામી ૫ એપ્રિલ સુધી નોંધણી કરાવી શકશે. ઉલ્લેખનીય છે કે રાજ્યમાં ઘઉંની ટેકાના ભાવે ખરીદીનો ગત ૧૭ માર્ચથી શુભારંભ થયો હતો. કેન્દ્ર સરકારે ઘઉં માટે 2 હજાર 425 પ્રતિ ક્વિન્ટલ ટેકાનો ભાવ જાહેર કર્યો છે.

. . . . . . . . . . . . . .

# CM APPOINTMENT LETTER

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે આ વર્ષે જ વધુ 600 વર્ક આસિસ્ટન્ટની જગ્યાઓ ભરવા માટે જાહેરાત સહિતની પ્રક્રિયા તબક્કા વાર કરાશે. ગાંધીનગર ખાતે જળસંપત્તિ વિભાગમાં વર્ક આસિસ્ટન્ટના પદે પસંદગી પામેલા ઉમેદવારોને નિમણૂક પત્રો એનાયત કરતાં શ્રી પટેલે જણાવ્યું કે રાજ્ય સરકારે વિવિધ વિભાગોમાં રહેલી ખાલી જગ્યાઓ પર સમયબદ્ધ અને ઝડપી ભરતી માટે ભરતી કેલેન્ડર બનાવ્યું છે.

શ્રી પટેલે આજે 450થી વધુ ઉમેદવારોને નિમણૂક પત્રો એનાયત કર્યા હતા. તેમણે જણાવ્યું કે, સરકારી સેવામાં જોડાઈને લોક સેવાની જે તક મળી છે તેને પદ, પ્રતિષ્ઠા, હોદ્દો કે આર્થિક આધાર તરીકે મુલવવાને બદલે પોતાને સોંપાયેલી કામગીરી પર ફોકસ કરીને ઉજાળીએ.

જળ સંપત્તિ મંત્રી કુંવરજી બાવળીયાએ નવનિમણૂંક પામેલા ઉમેદવારોને શુભેચ્છાઓ પાઠવતા જણાવ્યું કે, તમારે સૌએ રાજ્યના ખેડૂતો સાથે સીધા સંપર્કમાં કામ કરવાનું છે. ત્યારે ખેડૂતો સાથે મૈત્રીપૂર્ણ વ્યવહાર જાળવવો અને તેમના નાના મોટા પ્રશ્નોનું ત્વરિત નિરાકરણ આવે એ જ તમારી પ્રાથમિકતા હોવી જોઈએ.

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગા મ્યુઝિક)

.....................................

# GOPALAK WORLD RECORD

અમદાવાદ જિલ્લામાં ધોલેરા તાલુકાના બાવળીયાળીમાં ગોપાલક સમાજની 75 હજારથી વધુ મહિલાઓએ હુડા રાસ રજૂ કરી વિશ્વ રેકોર્ડ સર્જ્યો છે. સંતશ્રી નગાલાખા બાપાની પુનઃ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ અંતર્ગત આયોજિત આ કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા. શ્રી પટેલે પ.પૂ. રામબાપુને આ એવોર્ડ અર્પણ કર્યો હતો. આ અંગે વર્લ્ડ રેકોર્ડ ઓફ ઇન્ડિયાના પ્રમુખ પાવન સોલંકીએ વધુ માહિતી આપી.

(બાઇટ: પાવન સોલંકી, પ્રમુખ, વર્લ્ડ રેકોર્ડ ઓફ ઇન્ડિયા)

. . . . . . . . . . . . .

# SPARROW DAY

આજે 20 માર્ચે વિશ્વ ચકલી દિવસ ઉજવાય છે. ચકલીની સંખ્યામાં ઘટાડો થતો અટકાવવા અને ચકલીને બચાવવા માટે આ ખાસ દિવસની ઉજવણી કરાય છે. મહેસાણાની સેવા સજીવ સેતુ સંસ્થા દ્વારા આજે 2 હજાર ચકલી ઘરનું વિતરણ કર્યું હતું. આ સંસ્થાના કાર્યકર રાજેશ ચૌધરીએ વધુ માહિતી આપતા આ મુજબ જણાવ્યું.

(બાઈટ: રાજેશ ચૌધરી, કાર્યકર)

જામનગરમાં કોર્પોરેટર ડીમ્પલ રાવલ દ્વારા શહેરના અલગ અલગ વિસ્તારમાં વિનામૂલ્યે ચકલી ઘર અને પાણીના કુંડાનું વિતરણ કરાયું હતું.

પાટણ શહેર સહિત જિલ્લામાં સેવાભાવી સંસ્થાઓ તેમજ જીવદયાપ્રેમીઓ દ્વારા ચકલીઓના માળા, પક્ષીઓને પાણી પીવા માટેના કુંડા તેમજ પક્ષીઓને દાણા ચણવા માટેના ચણઘરનું વિનામૂલ્ય વિતરણ કરવામાં આવ્યું હતું. મહીસાગર જિલ્લાના જિલ્લા વન વિભાગ અને સેવાભાવી સંસ્થા દ્વારા લુણાવાડામાં 4 હજાર ચકલીના માળાનુ વિતરણ કરાયું.

. . . . . . . . . . . . .

# RANI NI VAV -PATAN

પાટણની વિશ્વ વિખ્યાત રાણીની વાવમાં આવતીકાલે એક અદભુત દૃશ્ય જોવા મળશે. 21 માર્ચે બપોરે 12:39 કલાકે સૂર્યના કિરણો સીધા ભગવાન શેષશાયી વિષ્ણુની મૂર્તિ પર પડતા જોવા મળશે. આ ઘટના 'વસંત સંપ્રાત' તરીકે ઓળખાય છે, જે દિવસથી સૂર્ય ઉત્તર તરફ ખસે છે,અને આ કારણે ઉત્તર ગોળાર્ધમાં દિવસ લાંબો અને રાત્રિ ટૂંકી થતી જાય છે.

એક રિપોર્ટ

(વોઈસ કાસ્ટ – કરન પરમાર)

*રાણીની વાવનું નિર્માણ ઈ.સ. 1063માં સોલંકી વંશના રાજા ભીમદેવની પત્ની રાણી ઉદયમતીએ પોતાના પતિની યાદમાં કરાવ્યું હતું. અહીંના રેતીયા પથ્થર પર કંડારેલી તક્ષણકલા અદ્ભુત છે. વાવમાં ભગવાન વિષ્ણુના તમામ અવતારોની મૂર્તિઓ સ્થાપિત છે, અને કૂવામાં શેષશાયી વિષ્ણુની મૂર્તિ એવી રીતે સ્થાપેલી છે કે 21 માર્ચ અને 21 સપ્ટેમ્બરના દિવસે સૂર્યના કિરણો 300 સ્તંભોની વચ્ચેથી પસાર થઈને સીધા મૂર્તિ પર પડે છે.આ માનવસર્જિત ગણિતીય રચના અને ખગોળીય ઘટના એક અનોખું દૃશ્ય રચે છે.*

*કરન પરમાર, આકાશવાણી સમાચાર, અમદાવાદ.*

. . . . . . . . . . . . .

# Vande Bharat

પશ્ચિમ રેલ્વે દ્વારા મુંબઈ સેન્ટ્રલ ગાંધીનગર કેપિટલ વંદે ભારત એક્સપ્રેસને 23 માર્ચ 2025થી પ્રાયોગિક ધોરણે વધારાનું આણંદ સ્ટેશન પર સ્ટોપેજ મળશે.

આ કારણે ગાંધીનગર કેપિટલ-મુંબઈ સેન્ટ્રલ વંદે ભારત એક્સપ્રેસનાં મુંબઈ સેન્ટ્રલ અને અમદાવાદ સ્ટેશનો પરના સમયમાં ફેરફાર કરાયો. તે મુજબ મુંબઈ સેન્ટ્રલ –ગાંધીનગર કેપિટલ વંદે ભારત એક્સપ્રેસ આણંદ સ્ટેશન પર દસ વાગીને 38 મિનિટે પહોંચશે. અને 10 વાગીને 40 મિનિટે ઉપડશે. વળતા આ જ ટ્રેન 3.30 વાગે આણંદ સ્ટેશને પહોંચશે અને 3.32 મિનિટે ઉપડશે. આથી આ ટ્રેન અમદાવાદ સ્ટેશન પર બે વાગીને 45 મિનિટે આવશે. અને 2.55 મિનિટે ઉપડશે. જેથી મુંબઈ સેન્ટ્રલ સ્ટેશન પર 8.25 મિનિટના બદલે 8.30 મિનિટે પહોંચશે.

. . . . . . . . . . . . .